# ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ તરીકે અમિત શાહ



## નરેન્દ્ર મોદીના નજીકના વિશ્વાસુને વધુ મોટી જવાબદારી સોંપાઈ : ઝારખંડ, મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી પહેલા જ અમિત શાહની નિમણૂંક : અમિત શાહની મેનેજમેન્ટ કુશળતાની રાજનાથસિંહ દ્વારા પ્રશંસા

નવી દિલ્હી,તા. ૯ ઉત્તરપ્રદેશ અને દેશના અન્ય રાજ્યોમાં ભાજપને લોકસભાની ચૂંટણીમાં શાનદાર અને ઐતિહાસિક જીત અપાવવામાં મુખ્ય ભૂમિકા અદા કરનાર અમિત શાહની આજે ભાજપના નવા પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલતી અટકળોનો અંત આવ્યો હતો. સામાન્ય ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં ભાજપે ઈતિહાસ રચીને ભવ્ય જીત મેળવી હતી. ભાજપે ઉત્તપ્રદેશમાં ૮૦ લોકસભા બેઠકો પૈકી ૭૧ બેઠકો જીતી લીધી હતી. ગૃહપ્રધાન રાજનાથસિંહે સંસદીય બોર્ડની બેઠક બાદ પત્રકાર પરિષદ યોજીને અમિત શાહના નામની જાહેરાત કરી હતી. પત્રકાર પરિષદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અરુણ જેટલી, સુષ્મા સ્વરાજ, લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી અને વેંકૈયા નાયડુ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજનાથસિંહે કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તમારે જીવવું હોય તો ચાલવું જોઇએ, તમારે લાંબુ જીવવું હોય તો દોડવું જોઇએ

- ઝીણાભાઇ નાવિક

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૨૦ | ૧૦ જુલાઇ, ૨૦૧૪, ગુરૂવાર; અષાઢ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગુણવત્તાસભર શિક્ષણ માટે જિલ્લાની પહેલ

## દર માસના ત્રીજા સોમવારે ખાસ પરીક્ષા; ૧૩ થી ૧૯ ના ઘડિયા રોજ પ્રાર્થના પછી વિદ્યાર્થીએ બોલવા પડશે; વિદ્યાર્થીની ગેરહાજરી અંગે વાલીને પોષ્ટકાર્ડ લખો; શિક્ષકોએ પણ નિયમિત હાજરી આપવી પડશે અને સમય-પત્રક મુજબ જ શિક્ષણ આપવુ પડશે



વરસાદની રાહ આપણે સૌ ચાતકની જેમ જોઈ રહ્યા છીએ ત્યારે આ વાદળો જાણે આપણી સહન શક્તિની પરીક્ષા લઈ રહ્યા છે. ગાંધીનગરમાં સવારે કે સાંજે વાદળો વધી જાય ને દિવસ દરમ્યાન ખસી જઈને સુરજ દાદાને બળબળતો તાપ વરસવા દે છે. (તસવીર : આલોક બ્રહ્મભટ્ટ)

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ માટેનું અભિયાન છેડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને દર માસે તેનુ નિયમિત મોનીટરીંગ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાનની સહિથી આ અંગે એક ખાસ પરિપત્ર પણ જારી કરવામાં આવ્યો છે. જેમાં ગુણવત્તાસભર શિક્ષણ પ્રોજેક્ટની વિસ્તૃત વિગતો દરેક શાળાને આપવામાં આવી છે.

આ પરિપત્રમાં જણાવાયું છે કે શહેર વિસ્તારની તેમજ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રા. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આવડત અંગે ગુણોત્સવ ૨૦૧૩ના પરિણામો જોતાં ભાષા અને ગણિત વિષયો પર જે તે શાળામાં વધારે ધ્યાન શિક્ષકો તરફથી અપાતુ નથી તેવુ ફલિત થાય છે. આ સરકારી શાળાઓના શિક્ષકોનું ગુણવત્તા સ્તર ઉંચુ લાવવા માટે તથા શાળાની ભૌતિક બાબતો અને સ્વચ્છતા અંગેની ચોકસાઈ માટે આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

આ પરિપત્રમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની દરરોજ નિયમિત હાજરીનો આગ્રહ રાખવામાં આવ્યો છે. આ પરિપત્રમાં શાળાના શિક્ષકોને વસ્તી ગણતરી અને ચૂંટણી કામગીરી સિવાય અન્ય કોઈ કામગીરી માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની મંજૂરી વગર ના જાય તેની કાળજી લેવા પણ આગ્રહ કરવામાં આવ્યો છે.

જે વિદ્યાર્થી શાળામાં સતત દસ દિવસ ગેરહાજર રહે તો તેમના વાલીઓને વર્ગશિક્ષક કે શાળાના મુખ્ય શિક્ષક તરફથી એક પોસ્ટકાર્ડ લખી જાણ કરવી અને ૧૫ દિવસથી વધુ ગેરહાજર રહે તો તેના ઘરે જઈ પરિવારનો સંપર્ક કરી તપાસ કરવી.

ગુજરાતી અને અંગ્રેજી ભાષાના પિરીયડ દરમ્યાન પાંચ મિનિટ કોઈપણ વિદ્યાર્થીને એક કે બે ફકરા જે તે પાઠના ઉંચેથી વાંચન કરાવવામાં આવે. દરેક દિવસે પ્રાર્થના પછી કોઈપણ વિદ્યાર્થી તરફથી ૧૩ થી ૧૯ ના ઘડિયાના મોટેથી ઉચ્ચારણ કરવામાં આવે.

દર માસના ત્રીજા સોમવારે ગુજરાતી, ગણિત, સમાજવિદ્યા અને અંગ્રેજીની ૩૫ મિનિટની એક પરીક્ષા યોજવામાં આવે. વિદ્યાર્થીઓને ગૃહકાર્યમાં પણ ગુજરાતી-અંગ્રેજીના એક ફકરાનું લેખન કાર્ય આપવું. ગણિતના પ્રશ્નો પણ આપવા તેમજ ગૃહકાર્યનું પરીક્ષણ કરી બાળક જ્યાં નબળુ જણાય ત્યાં શિક્ષકે વિશેષ માર્ગદર્શન આપવું.

દર સપ્તાહે બે વર્ગ કોમ્પ્યુટર શિક્ષણના રાખવા તેમજ બાળકોમાં વાંચનપ્રેમ વધે તે માટે ઈતર વાંચનનો આગ્રહ કરવો અને પુસ્તકના ટુંકસાર વર્ગ સમક્ષ રજુ કરે તેવી તાલીમ આપવી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૪૩૩૨ બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં કુપોષણને મિટાવવા માટેનો જંગ તંત્ર દ્વારા છેડાઈ ચુક્યો છે અને આ માટે સરકાર સારો એવો ખર્ચ કરી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા અને તેમની પાછળ સરકાર દ્વારા થતાં ખર્ચને લઈ કોંગ્રેસના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે વિધાનસભા ગૃહમાં આ અંગેનો મુદ્દો ઉછાળ્યો હતો. તેમાં કુપોષણ અંગે તંત્રની કામગીરી સંદર્ભે કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવવા પામી હતી. આ માહિતી મુજબ ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૪૩૩૨ કુપોષિત બાળકોમાંથી અતિ ઓછા વજનવાળા બાળકો ૧૩૭૪ અને ઓછા વજનવાળા બાળકો ૧૨૯૫૮ છે. જેમાં ગાંધીનગર તાલુકાના કુલ ૫૪૯૪ કુપોષિત બાળકોમાંથી ૫૦૫ બાળકો અતિઓછા વજનવાળા અને ૪૯૮૯ બાળકો ઓછા વજનવાળા છે.

આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના અન્ય તાલુકાઓમાં દહેગામ તાલુકામાં ૩૨૬૩ બાળકો કુપોષિત છે જેમાંથી ૩૧૪ બાળકો અતિ ઓછા વજનવાળા અને ૨૯૪૯ ઓછા વજનવાળા બાળકો છે. કલોલ તાલુકામાં કુલ ૪૧૭૭ કુપોષિત બાળકોમાંથી ૪૭૩ બાળકો અતિ ઓછા વજનવાળા તેમજ ૩૭૦૦ બાળકો ઓછા વજનવાળા નોંધાયા છે અને માણસા તાલુકામાં કુલ ૧૩૯૮ કુપોષિત બાળકોમાંથી ૮૨ બાળકો અતિઓછા વજનવાળા જ્યારે ૧૩૧૬ બાળકો ઓછા વજનવાળા નોંધાયા છે.

જિલ્લાતંત્ર દ્વારા ૬ માસથી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને ટેક હોમરેશન તરીકે પ્રિમિક્ષના માસિક ૧૦ પેકેટ્સ આપવામાં આવે છે. જ્યારે અન્ય બાળકોને ૭ પેકેટસ આપવામાં આવે છે. આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, બપોરનું ગરમ ભોજન અને પોષણયુક્ત ન્યુટ્રીકેન્ડી તેમજ અઠવાડિયાના બે ફળ આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

# વાસણા ચૌધરીની ગ્રામ પંચાયતનું વિસર્જન કરાયુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની વાસણા ચૌધરી ગ્રામ પંચાયતનું વિકાસ કમિશનરશ્રી દ્વારા વિસર્જન કરવામાં આવતા પંચાયતના વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે વાસણા ચૌધરી ગ્રામ પંચાયત નાની ગ્રામ પંચાયત છે. જેમાં સાત વોર્ડ સભ્યો અને સરપંચ છે. આ ગ્રામ પંચાયતે ૩૧-૩-૨૦૧૪ સુધીમાં પોતાનુ બજેટ મંજૂર ન કરતાં વિકાસ કમિશનરશ્રીએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અહેવાલને ધ્યાને લઈ તપાસને અંતે પંચાયત અધિનિયમની જોગવાઈઓ અંતર્ગત વિસર્જન કરવાનો નિર્ણય કરેલ છે.

વિકાસ કમિશનરશ્રીના આ નિર્ણયને જાહેરનામાથી પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. હવે આ અંગે વહીવટદારની નિમણુંક કરવા અંગેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

ગ્રામ પંચાયતનું બજેટ ૩૧-૩-૨૦૧૪ સુધીમાં મંજૂર કરવું ફરજીયાત છે. આ માટે પંચાયતની સભાઓ મળી હતી પરંતુ તે નામંજૂર થતાં આખરે આ નિર્ણય દફતર તપાસને અંતે લેવામાં આવ્યો છે. જિલ્લામાં ગ્રામપંચાયત બજેટને મુદ્દે મુદત પહેલાં વિસર્જન કરવામાં આવી હોય તેવી ઘટના પ્રથમ છેલ્લા એક દસકામાં પહેલી છે.

## NEWS બિટ્સ

### ભાજપના વડામથક પાસેથી શંકાસ્પદ બેગ મળી

અશોકા રોડ પર આવેલા ભાજપના મુખ્યાલયની બહાર



બુધવારે સવારે ત્રણ બેગ બિનવારસી હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. પોલીસે ઘટના સ્થળે ધસી જઈ તપાસ હાથ ધરી હતી. આ અંગે માહિતી મળતા મોટી સંખ્યામાં મિડીયાકર્મીઓ પણ ભાજપના મુખ્યાલય ૧૧, અશોકા રોડ પર પહોંચી ગયા હતા. દરમિયાનમાં એક પુરુષ અને એક મહિલાએ બેગનો દાવો કર્યો હતો. પોલીસે તેમની પુછપરછ હાથ ધરી છે.

### રાજનાથ લોકસભામાં પક્ષના નાયબ નેતા

અમીત શાહને ભાજપના



નવા રાષ્ટ્રીય પ્રમુખપદે બેસાડયા બાદ અન્ય એક ફેરફારમાં રાજનાથસિંહ લોકસભામાં ભાજપના નાયબ નેતા બનશે. જેથી તે વિધિવત રીતે સરકાર અને લોકસભામાં નંબર-ટુ નેતા બની જશે.

### ભારતીય નાગરિકોને ઓળખ માટે નેશનલ આઈ કાર્ડ

કેન્દ્ર સરકાર નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર તૈયાર કરી રહી છે. જે અંતર્ગત દરેક સત્તાવાર ભારતીય નાગરિકને આઈડેન્ટિટી કાર્ડ ચોકકસ મર્યાદામાં આપવામાં આવશે. ઘુસણકોરી અટકાવવા માટે આ પગલું ભરવું અનિવાર્ય હોવાનું અને દરેક ભારતીયને તેની ખાસ ઓળખ આપવા માટે આ કાર્ડ અપાશે.

### ૨૬ મિલ્ક ટ્રેન દોડશે

ધ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી) આગામી છ માસમાં નવી પેઢીની ૨૬ મિલ્ક ટ્રેન શરુ કરીને સમગ્ર ભારતમાં દુધનું પરિવહન સુગમ બનાવશે. બોર્ડના એમડી દિલીપ રથે મંગળવારે રેલવે બજેટની જાહેરાત પછી દુધ પરિવહનને આગામી સ્તરે લઈજવા અંગે જણાવ્યું હતું. અગાઉ રેલવે પ્રધાન સદાનંદ ગૌડાએ લોકસભામાં જણાવ્યું હતું કે રેલવે દ્વારા દુધનું પરિવહન કરવામાં આવશે.

26.01.1994થી સતત GPSC (વર્ગ-1/2) (Dy.SP., મામલતદાર/ TDO / SO), PSI તથા તલાટી અને કલાર્ક (વર્ગ-1, 2, 3) BANK CLERKની તમામ સરકારી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવી 92.37% સરેરાશ પરીણામ મેળવનાર સંસ્થા...

TCCI EDUCATION PVT. LTD.



10.7.2014 (ગુરૂવાર) થી રાંધેજા, રૂપાલ, સરઢવ, ચિલોડા, વિજાપુર, માણસા, ગોજારીયા, મહુડી જેવા તમામ ગામ / તાલુકા સ્થળના વિદ્યાર્થીઓ માટે ખાસ પેથાપુર ખાતે નવી શાખાની શુભ શરૂઆત...

ઓફીસ નં. ૨૨૯, ૨૩૦, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

પેથાપુર શાખામાં
કલાર્ક / તલાટી / કોન્સ્ટેબલ / સચિવાલય વર્ગ-3 માટે...
માસ્ટર કોર્ષ-2014
બેચ શરૂ થવાની તા. : 10.07.2014
ભણવાના દીવસો : સોમવાર થી શુક્રવાર
બેચનો સમય : સાંજના 4.30 થી 6.30
4 માસનો અભ્યાસક્રમ ફી ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)

ગાંધીનગર, મહેસાણા શાખા ઉપરાંત પેથાપુર શાખામાં 'પ્રવેશ શરૂ'

કોર્ષમાં સંપૂર્ણ સાહિત્ય FREE

પેથાપુર શાખામાં
BANK CLERK (IBPS)
બેચ શરૂ થવાની તા. : 19.07.2014
ભણવાના દીવસો : સોમવાર થી શુક્રવાર
બેચનો સમય : બપોરના 2.15 થી 4.15
ફી ₹ 14,000/- (M) ₹ 11,000/- (F) 4 માસનો અભ્યાસક્રમ

ગાંધીનગર / મહેસાણા શાખામાં GPSC (વર્ગ-1/2)ની તથા માસ્ટર કોર્ષની શનિ/રવિ (સાંજની) તથા ફક્ત રવિવાર માટે અથવા સોમ થી શુક્રની બેચમાં પ્રવેશ ચાલુ છે.

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)

મહેસાણા 9537614607 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)

પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)

IELTS / SPOKEN ENGLISH / UPSC (IAS / IPS)ના વર્ગો ટૂંક સમયમાં શરૂ

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

KIPA
રાસ-ગરબા ક્લાસ

પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો
ખુશ્બૂ કુલદીપ શુકલ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.